# આત્મધર્મ

માસિક : વર્ષ-૫ * અંક-૭ * માર્ચ, ૨૦૧૧



* હે જીવ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરી ફરી નહીં મળે.

* જ્ઞાયકના ઘૂંટણમાં નિરંતર રહે, દિવસ-રાત એની પાછળ પડે તો વસ્તુ પ્રાપ્ત થયા વિના રહે જ નહીં.

–પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

❀ ભગવાનઆત્મા એક-એક રજકણના લેબાસ વિનાનો અને રાગના લેબાસ વગરનો છે, એવી દૃષ્ટિ વિના ખરેખર (સાદું જીવન હોય તોપણ) સાદું જીવન નથી. ૫૪૯.

❀ શ્રોતા:–હું અકર્તા છું ત્યાં (એવો વિકલ્પ છે ત્યાં) એણે થોડું તો આલંબન લીધું છે ને? જોઈએ તેટલું નથી લીધું....

પૂજ્ય ગુરુદેવ:–આલંબન લીધું જ નથી. જરીએ આલંબન લીધું નથી. ઈ તો ધારણાથી પર્યાયમાં બેઠો વાતો કરે છે. અકર્તા સ્વભાવને અવલંબ્યા વિના પર્યાયમાં ઊભા રહીને આલંબન થતું નથી.

શ્રોતા:–એને કાંઈક તો લક્ષમાં આવ્યું છે ને?

પૂજ્ય ગુરુદેવ:–ના, ઈ તો ધારણામાં ઊભો ઊભો વાતો કરે છે. એમ તો ૧૧ અંગવાળા દ્રવ્યલિંગીએ પણ એવી ધારણા કરી હતી. ૫૫૦.

❀ પૃથક્ વસ્તુને પૃથક્ કરવાની તારી તાકાત નથી તો તું નપુંસક છો. પૃથક તો છે જ પરંતુ પૃથક્ માન્યું નથી, માટે પૃથક્ માનવામાં વીર્ય જોઈએ છે. ૫૫૧.

❀ તારા ભાવ સિવાય, ભાઈ! બીજે ક્યાંય તને મીઠાશ રહી ગઈ તો તને એ ચૈતન્યની મીઠાશમાં નહિ આવવા દે. ચૈતન્યની મીઠાશમાં પરની મીઠાસ તને વિઘ્ન કરશે. ૫૫૨.

❀ ભગવાન ઐસા કહતે હૈં કિ ભીખ માંગનેકી તેરી તાકાત નહીં, તેરા સ્વભાવ નહીં. ભગવાન ઐસા કહેવે ઔર તુઝે ઓ જ્ચે ભી નહીં તો તુને ભગવાનકો માના નહીં. ૫૫૩.

❀ પોતાના ભગવાન સાથે જીવે તકરાર માંડી છે અને સુખને માટે બીજે બીજે ભટક્યા કરે છે. ૫૫૪.

❀ ઈ નજર કરે કે પરના કાર્ય મારા નહીં, ત્યાં દુઃખ હળવું થઈ જાય છે. ૫૫૫.

❀ આટલું આમ કરું ને આમ કરું ને આટલું વાંચુ ને! કરું ને! એમ જેની દૃષ્ટિ પડી છે તેને પરમાત્મા હેય વર્તે છે. ૫૫૬.

વર્ષ-૫
અંક-૭

સંવત
૨૦૬૭
MARCH
A.D. 2011





શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં
# સ્વાનુભૂતિપ્રેરક વચનામૃત

✍ અહીં ગુરુદેવ બિરાજતા હતા. તેમની વાણીમાં એવો ધોધ વરસતો હતો અને એવી અપૂર્વતા હતી કે બીજાને નક્કી જ થઈ જાય કે માર્ગ આ જ છે. બુદ્ધિથી વિચાર કરે તેને સાચો માર્ગ ન મળે અને નક્કી ન થાય એમ બને જ નહિ. સાચા ગુરુ મળે તેને પોતાને અંદરથી વિશ્વાસ ને હૂંફ આવી જાય, પછી તેને ભટકવાનું રહે જ નહિ. જેને હૂંફ આવી જાય તેને પછી ભલે પુરુષાર્થ મંદ થાય કે પુરુષાર્થ ન કરી શકે, પણ તેની રુચિ આખી બદલાઈ જાય કે આત્મા જુદો છે. ભલે મને માર્ગ નથી પકડાતો, પણ માર્ગ તો આ જ સાચો છે. ભેદજ્ઞાનના રસ્તે જ જવાનું છે, અંતરમાં જ માર્ગ છે—એમ અંતરમાંથી તેને વિશ્વાસ આવી જાય છે. સાચા ગુરુ મળે અને પોતે નક્કી કરે તો ક્યાંય ભટકવાનું રહેતું જ નથી. ૧.

✍ સાચા ગુરુ મળ્યા હોય અને સાચી પ્રતીતિ થઈ હોય તો તેની પ્રતીતિ દૃઢ જ રહે છે. સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ જેને મળે અને અંતરથી સાચું ગ્રહણ થાય તો તેને વિશ્વાસ જ રહે છે કે આ રસ્તે જ આત્મસાક્ષાત્કાર થવાનો છે, બીજો કોઈ રસ્તો નથી. મારા પુરુષાર્થની મંદતા છે તેથી હું નથી કરી શકતો, પણ તેની રુચિ એમાં જ રહ્યા કરે કે આ રસ્તે જ જવાનું છે, બીજો કોઈ રસ્તો નથી. બહાર તેની રુચિ મંદ પડી જાય અને અંદરમાં તેને હૂંફ આવી જાય કે આ જ રસ્તો છે. સાચા ગુરુ મળે અને અંતરથી વિશ્વાસ ન આવે એમ બને જ નહિ. માટે, હજી સાચો વિશ્વાસ નથી આવતો તો ગુરુને ઓળખ્યા જ નથી. ગુરુને પરીક્ષા કરીને સ્વીકાર કરે તો તેને ભટકવું ન પડે, માર્ગ નક્કી જ થઈ જાય, કારણ કે આત્મામાં એટલું નક્કી કરવાની શક્તિ

છે કે માર્ગ આ જ સાચો છે. ગુરુ કહે છે તે બરાબર છે એમ બુદ્ધિથી નક્કી કરી શકે છે. ૨.

✍ વિકલ્પથી છૂટો પડીને, એકત્વબુદ્ધિ તોડીને જ્ઞાયકની ધારા પ્રગટ કરવી—આ એક જ ઉપાય છે. દ્રવ્યને ગ્રહણ કર્યું, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરી, પણ તે દૃષ્ટિ ટકાવવી જોઈએ. માન્યતામાં લીધું, નક્કી કર્યું છે કે હું જુદો છું, પણ તે રૂપે કાર્ય થાય તો સાચું નક્કી કર્યું કહેવાય. જુદો છું એમ નક્કી કર્યું અને પાછી એકત્વબુદ્ધિ થઈ જાય તો તેણે સાચું નક્કી કર્યું નથી. જેને સાચું નક્કી થાય તેને જુદો પાડવાનો પ્રયત્ન અંદર આવ્યા વગર રહેતો નથી. ગડમથલ કરતાં સાચું તો આ જ છે, માર્ગ આ જ છે—એમ શ્રદ્ધારૂપ પરિણતિ થાય છે. વિચારથી શ્રદ્ધા થાય તે જુદી છે, આ તો શ્રદ્ધારૂપ પરિણતિ થાય છે, પરિણતિ કાર્ય કરે છે. પછી વિશેષ ચારિત્ર થાય છે. આ શ્રદ્ધાની સાથે અમુક જાતની લીનતા થાય છે અને અનંતાનુબંધી છૂટી જાય છે. આવી અમુક જાતની પરિણતિ ઊભી થાય છે. ૩.

✍ તેણે જ્ઞાનસ્વભાવને ઓળખવો, જ્ઞાનસ્વભાવ તો ખ્યાલમાં આવે એવો છે. જ્ઞાનસ્વભાવ શાંતિથી ભરેલો આનંદમય છે તેને લક્ષમાં લેવો. આનંદનો અનુભવ ભલે નથી, પણ તેને પ્રતીતમાં લેવો, વિચાર કરતાં પ્રતીતમાં આવે તેવો છે. આત્મા જ્ઞાનસ્વભાવથી પ્રતીતમાં લેવા જેવો છે. આત્મા કેવો છે તે ગુરુદેવ બતાવે છે, શાસ્ત્રમાં આવે છે. આત્મા જ્ઞાન લક્ષણથી લક્ષમાં આવે છે. રાગ રાગને જાણતો નથી, તેને જાણનારો જુદો છે. જુદો જાણનારો શાશ્વત રહેનારો છે. રાગની બધી પર્યાયો ચાલી જાય છે, પણ જાણનારો તો એમ ને એમ ઊભો રહે છે. એમ ને એમ ઊભો રહેનારો તે હું છું. નાનપણથી અત્યાર સુધીના બધા રાગાદિ તો ચાલ્યા ગયા, પણ જાણનારો ઊભો છે અને તે જાણનારો હું છું. આ રીતે જાણનારને જુદો પાડવો. જે જે રાગ-વિકલ્પ આવે તેને જુદો પાડે. તેનો અભ્યાસ ઉગ્ર હોય તો ક્ષણે ક્ષણે રાગને જુદો પાડવાનો અભ્યાસ થાય. બુદ્ધિથી એકવાર રાગને જુદો પાડ્યો અને પછી પહેલાંની જેમ એવો ને એવો થઈ જાય તો તેના અભ્યાસની ખામી છે. ક્ષણે ક્ષણે રાગથી જુદા પાડવાનો અભ્યાસ એમ ને એમ ચાલુ રાખે તો સહજ દશા થવાનો અવસર આવે. પહેલાં તો જ્ઞાનથી પ્રતીતમાં આવે છે. ૪.

✍ મૂળ પ્રયોજનભૂત જે સ્વરૂપ છે તે ગુરુદેવે બતાવ્યું છે. જે ભગવાનનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તે આત્માને જાણે અને જે આત્માને જાણે તે ભગવાનને જાણે.

તેમ જેણે ગુરુને સ્વીકાર્યા તે પોતાને સ્વીકારે છે અને પોતાને સ્વીકારે છે તે ગુરુને સ્વીકારે છે. એવી અર્પણતા અંદરમાંથી આવે તો વિકલ્પનું સ્વામીપણું તેને છૂટી જાય છે. હું વિકલ્પથી જુદો, વિકલ્પ મારું સ્વરૂપ નથી, વિકલ્પનો હું સ્વામી નથી. જો ખરી અર્પણતા હોય તો પૂજ્ય ગુરુદેવ કહે છે તેવી પોતાની પરિણતિ થઈ જાય છે. બુદ્ધિથી નહિ, પણ અંતરથી થઈ જાય છે તે અર્પણતા જુદી જાતની હોય છે. તેને બધા વિકલ્પની અંદર બધી અર્પણતા જ હોય છે. ૫.

✍ જેણે એમ નક્કી કર્યું છે કે આ પ્રગટ કરવું જ છે તેનો પુરુષાર્થ પહોંચ્યા વગર રહેવાનો નથી. તેને કાળ લાગે તો પણ ગ્રહણ કર્યા વગર રહેવાનો નથી. જેને અંતરમાંથી લાગી છે કે આ ગ્રહણ કરવું જ છે, આ પ્રગટ કરવું જ છે તો તેને ધીમો-ધીમો પણ પુરુષાર્થ ઊપડે છે. જેને અંતરમાંથી લાગી છે કે બીજું નથી જ જોઈતું અને આ જ જોઈએ છે, તો કાળ લાગે તો પણ પ્રગટ કર્યા વગર રહેવાનો નથી. પોતે જ છે, બીજો નથી. માટે પોતાને લાગી છે તો તે પહોંચવાનો જ છે. કાળ લાગે તો પણ અંતરની રુચિ પ્રગટ થાય તે પહોંચ્યા વગર રહે જ નહિ. ભલે કાળ લાગે; પણ અંતરમાં જેને લગની લાગી તે પહોંચ્યા વગર રહેવાનો નથી. ૬.

✍ ગુરુદેવે તૈયાર કરીને બધું આપ્યું છે. ક્યાંય ગોતવાનું કે મેળવવાનું બાકી રહેતું નથી. પોતાને એક પુરુષાર્થ જ કરવાનો બાકી રહે છે. જગતના બીજા જીવોને સત્ શોધવાની મુશ્કેલી પડે છે કે શું સત્ છે? શું આત્મા છે? આત્માનું સુખ ક્યાં છે? એમ સત્ શોધવું મુશ્કેલ પડે છે. પણ ગુરુદેવે ગોતીને, તૈયાર કરીને, સ્પષ્ટ કરી કરીને આપ્યું છે. ૭.

✍ ભાવના સાથે રાગ જોડાયેલો છે, પણ ભાવનાની પાછળ અંદરની પરિણતિ પોતા તરફ જોરદાર હોય કે મારે આત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. એવી પરિણતિ–એવી યોગ્યતા–અંદરમાંથી પ્રગટ થાય છે. જેને પોતાની રુચિ અંદરથી જાગે છે કે મારે આ કાંઈ જોઈતું નથી તેની રુચિ ક્યાંય ટકતી નથી, પણ એક આત્મા તરફ જ જાય છે. વર્તમાનમાં રાગ છે, પણ રાગની સાથે ભાવનાની પરિણતિ એવી જોરદાર હોય કે આત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. એવી અંદરમાંથી આત્માની કોઈ અપૂર્વતા લાગે કે જેના વગર ક્યાંય તેને શાંતિ થતી નથી. જેને અંતરમાંથી એવી ભાવના લાગેલી હોય તેને પ્રાપ્ત થયા વગર રહે જ નહિ. તે પ્રાપ્ત થાય જ. ૮.

✍ અંતરમાં એવી પાત્રતા હોવી જોઈએ કે આત્મા પ્રાપ્ત કર્યે જ છૂટકો થાય. એવી રુચિની પરિણતિ પહેલાં પોતા તરફ જાય ને તે પરિણતિ જ પોતાને જોરથી આત્મા તરફ ખેંચી લાવે. રાગ વગરની વસ્તુ મારે જોઈએ છે એવી ભાવના જેને છે તે પોતે અંતરમાંથી પોતાની પરિણતિને પ્રગટ કર્યા વગર રહે નહિ. નહીંતર આવ્યું છે ને? કે "જગતને શૂન્ય થવું પડે" પણ દ્રવ્યનો નાશ તો થતો જ નથી; તેથી પોતાની જોરદાર પરિણતિ જ પોતાને પ્રગટ કર્યા વગર રહેતી નથી. તેવો કુદરતનો સ્વભાવ છે. પરિણતિ પોતાને પોતા તરફ લાવે જ છે. 'જગતને શૂન્ય થવું પડે' એટલે કે સ્વભાવ પોતે પોતાનું કાર્ય કર્યા વગર રહે નહિ. પોતે પોતાની પરિણતિ પ્રગટ ન કરે તો વસ્તુ જ ન રહે. ૯.

✍ કમળ જેમ પાણીમાં નિર્લેપ રહે છે તેમ જ્ઞાની સદા નિર્લેપ જ રહે છે. બહારના ગમે તેવા સંયોગોમાં તે ઊભેલા દેખાય, છતાં પરિણતિ તો નિર્લેપ જ છે. અનાદિથી આત્મદ્રવ્ય જડ પદાર્થ સાથે એકમેક થયું જ નથી તેથી વસ્તુ સ્વભાવે તો નિર્લેપ છે જ, પણ આ તો જ્ઞાનીને પર્યાયમાં પણ નિર્લેપપણું પ્રગટ્યું છે, તેથી નિર્લેપ જ રહે છે. જ્ઞાનીને પ્રગટપણે જ્ઞાતાધારાનું પરિણમન વર્તે છે. તે કારણે, જેમ કમળ પાણીમાં નિર્લેપ રહે છે તેમ, પરિણતિ જુદી અને જુદી નિર્લેપ જ રહે છે. ૧૦.

✍ નિર્વિકલ્પ દશા કોઈ કોઈ વખતે થાય તે જુદી વાત છે, પરંતુ સવિકલ્પ દશામાં પણ જ્ઞાતાપણાની જ્ઞાનધારા ચાલુ જ છે. અજ્ઞાન દશામાં જે સવિકલ્પ દશા હતી અને આ જે સવિકલ્પ દશા છે તે બંનેની જુદી જાત છે. ગમે તેવા પ્રસંગમાં, બહારના ઉપસર્ગ–પરીષહ આવે તો પણ, તે સદા ન્યારો રહે છે, તેની જ્ઞાતાધારાને કોઈ તોડી શકતું નથી. અનુકૂળતાના ગંજ આવે કે પ્રતિકૂળતાના ઢગલા થાય, તેની જ્ઞાનધારાને કોઈ તોડી શકતું નથી. એવો પુરુષાર્થ તેને ચાલુ જ હોય છે. ૧૧.

✍ જેને આત્માની લગની, આત્માના આનંદની અનુપમતા અને આત્માની મહિમા લાગી છે તેને બહારના કોઈ પદાર્થ લલચાવી શકતા નથી કે પ્રતિકૂળતામાં તે ખેદાઈ જતો નથી. એવું જ્ઞાન-વૈરાગ્યનું સામર્થ્ય તેને પ્રગટ્યું છે. હું તો જ્ઞાયક સ્વભાવ છું, આ પરિગ્રહ તે મારું સ્વરૂપ નથી. પુણ્ય-પાપના ભાવો આવે, પણ તેનાથી હું જુદો અને ન્યારો છું. હું તો એક જ્ઞાયકભાવ છું. મારી જ્ઞાતાધારાને કોઈ તોડી શકતું નથી.– આમ તીવ્ર પુરુષાર્થથી મોક્ષપંથે ચાલ્યો તે ચાલ્યો–ઉગ્ર પુરુષાર્થની ધારા ચાલી તે ચાલી – તેને કોઈ રોકી શકતું નથી. ૧૨.

✍ મંત્ર તો ગુરુદેવે આપ્યો છે કે તું પોતે ભગવાન આત્મા છો, તેને ઓળખ. તે કરવાનું છે. તું પોતે જ સ્વયં ભગવાન છો. અનાદિકાળથી પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં તારામાં તેનો પ્રવેશ થયો નથી. તું દ્રવ્ય સ્વભાવે શુદ્ધાત્મા છો તેને ઓળખ, કરવાનું આ છે. દ્રવ્ય શું છે? પર્યાય શું છે? શુદ્ધતા શું છે? અશુદ્ધતા શું છે? તે ઓળખવાનો પ્રયત્ન કર. પણ, તે અંદર પુરુષાર્થ કરે તો થાય, પોતાને અંદરથી એટલી લગની–જિજ્ઞાસા લાગવી જોઈએ. ગુરુદેવે તો ચોખ્ખો મંત્ર બતાવ્યો છે કે તું ભગવાન છો, જ્ઞાયક છો. તું શુદ્ધ છો તેને તું ઓળખ. આ બહારમાં અટકી રહ્યો છે, પણ આ શુભાશુભભાવો તારું સ્વરૂપ નથી. તું જાણનારો છો. કોઈ પર્યાય માત્રમાં અટકીશ નહિ, તું શાશ્વત દ્રવ્ય છો. ૧૩.

✍ શરૂઆતમાં બહુ ભાવના આવી જાય તેથી અથવા કોઈ વૈરાગ્યના પ્રસંગથી અંદર ભાવના આવી જતાં ઉગ્ર પુરુષાર્થ થઈ જાય છે. અહો! આ તો કંઈક નવું જ છે, ગુરુદેવે ઉપદેશ આપ્યો તેમાં કંઈક નવી જ વાત કરી, ગુરુદેવે જુદો જ માર્ગ બતાવ્યો. આમ તેને આશ્ચર્ય લાગતાં કે વૈરાગ્ય થતાં પુરુષાર્થમાં ઉગ્રતા આવી જાય છે, પણ થોડા વખત પછી પાછો પુરુષાર્થ ઢીલો પડી જાય છે. કાયમ એકસરખી ભાવના કે વૈરાગ્ય ટકી શકે નહિ. તેથી પુરુષાર્થ ઉગ્ર અને મંદ થઈ જાય એમ થયા કરે છે. પણ વારંવાર તેની ઉગ્રતા જો ધારાવાહી ચાલ્યા કરે તો સ્વાનુભૂતિ સુધી પહોંચી શકે છે. કોઈવાર મહિમા કે વૈરાગ્યના પ્રસંગમાં ઉગ્રતા થઈ જાય છે, વળી પાછો પુરુષાર્થ ઢીલો પડી જાય છે, કેમ કે અનાદિનો અભ્યાસ છે તેથી મંદતા તરફ ઢળી જાય છે. પણ વારંવાર તેની પાછળ પડે તો એકસરખું ટકી રહેવાનો પ્રસંગ બને. ૧૪.

✍ આ એક જ પ્રયાસ કરવાનો છે. અનાદિકાળથી અભ્યાસ બધો બહારનો છે, તેથી અંદરમાં ઊતરવા માટેનો પ્રયાસ કરવાનો છે. આત્માને ઓળખવાનો જ પ્રયાસ કરવાનો છે. તે વિચારમાં ઝાઝો ટકી ન શકે તો શાસ્ત્ર-સ્વાધ્યાય કરે, તેમાં ન ટકી શકે તો શ્રવણ કરે. આમ, શુભભાવના પ્રકારને બદલ્યા કરે, પણ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી શુભમાં રહે, છતાં ભાવના તો શુદ્ધની રાખે. કરવાનું તો આ જ છે. ધ્યાન કરે તો તેમાં શાંતિ લાગે, પણ અંતરની શાંતિ તો જુદી જ છે.

વિકલ્પની જાળથી છૂટીને અંતરમાંથી જે આત્મા પ્રગટ થાય છે તે આત્મા જાગૃત છે. અન્યમતિ કહે છે કે વિકલ્પ છૂટતાં આત્મા શૂન્ય થઈ જાય છે, પણ તેમ નથી.

વિકલ્પ તૂટતાં વિશેષ જાગૃત થાય છે. આત્મામાં અનંતા ગુણો ભર્યા છે. ચૈતન્ય તત્ત્વમાં અનંતતા ભરેલી છે. તે આનંદાદિ અનંત ગુણોનું વેદન તેને સ્વાનુભવમાં થાય છે. હું વિકલ્પ છોડું, વિકલ્પ છોડું એમ કર્યા કરે તો વિકલ્પ છૂટતા નથી. પોતાની અંતરની યોગ્યતા પ્રગટ થાય તો વિકલ્પ છૂટી જાય છે. વિકલ્પથી અતિક્રાન્ત થઈ સ્વાનુભૂતિની દશા પ્રાપ્ત થાય છે ત્યારે જ ખરી શાંતિ થાય છે.

જ્યાં સુધી ખરી શાંતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો કે આ જે વિકલ્પ આવે છે તેનાથી હું જુદો છું. ક્ષણે ક્ષણે આ જ અભ્યાસ કર્યા કરે કે આ જે શુભાશુભ ભાવો આવે છે તેનો જાણનાર હું જુદો છું. પ્રયાસની શરૂઆત ભેદજ્ઞાનના અભ્યાસથી થાય છે. ગમે તે વિકલ્પ આવે, શુભભાવ આવે કે અશુભભાવ આવે, તે મારું સ્વરુપ નથી. જેવા સિદ્ધ ભગવાન છે એવો જ હું છું. હું તો શુદ્ધ, નિર્મળ એકરૂપ તત્ત્વ છું.

જેમ સ્ફટિક નિર્મળ છે તેમ હું નિર્મળ છું. સ્ફટિકમાં જેમ ઉપર લાલ-પીળાં પ્રતિબિંબ પડે છે તે સ્ફટિકનો મૂળ સ્વભાવ નથી, તેમ હું નિર્મળ છું. મારા મૂળ સ્વભાવમાં આ વિભાવો પ્રવેશ પામ્યાં નથી. હું તો શુદ્ધ જ છું, નિરાળો છું. આવા નિરાળાપણાનો–ભેદજ્ઞાનનો–અભ્યાસ કરવો. આ પ્રથમ ઉપાય છે.

હું જાણનાર છું, જ્ઞાયક છું. આ શરીર મારું નથી, જડ છે. આ મન પણ મારું નથી. આ વિકલ્પ તે મારો સ્વભાવ નથી. ભલે તે થાય છે મારી પર્યાયમાં, તે કાંઈ જડમાં થતો નથી કે જડ કરાવતું નથી, મારા પુરુષાર્થની નબળાઈથી થાય છે, તો પણ મારો સ્વભાવ નથી. હું તો જુદો જ્ઞાયક છું. એવો જ અભ્યાસ કર્યા કરે તે પહેલો ઉપાય છે. જેને હજી આ અભ્યાસ પણ નથી તેને તો સ્વાનુભૂતિ થવી મુશ્કેલ પડે છે.

આ અભ્યાસ એકાંતમાં બેસીને કરે તો જ થાય એમ નથી. આ અભ્યાસ તો ગમે ત્યારે થઈ શકે એમ છે અને તે ક્ષણે ક્ષણે કર્યા જ કરવાનો છે; છતાં એમ ન થાય તો ધીરે ધીરે કરે; પણ એ રીતે ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યા કરવાનો છે.

જેમ પાણી સ્વભાવથી શીતળ છે, તે અગ્નિના નિમિત્તે ગરમ થાય છે, તો પણ તેનો સ્વભાવ તો શીતળ જ છે. તેમ હું તો સ્વભાવે શીતળ છું. કર્મના સંયોગમાં મારી પોતાની નબળાઈથી જોડાણ થાય છે, પણ તે મારો સ્વભાવ નથી.

આવો ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં જ્ઞાયકમાં એકાગ્રતા થાય તો આત્માની સ્વાનુભૂતિ થવાનો પ્રસંગ બને છે. ૧૫.

✍ અભ્યાસ તો ભેદજ્ઞાનનો જ કરવાનો છે. 'આ હું નથી, આ હું નથી' એમ કહીને પર ને વિભાવથી છોડાવવો છે. છતાં ભેદજ્ઞાનના અભ્યાસમાં ટકી ન શકાય તો શાસ્ત્રસ્વાધ્યાય કરે, વળી પાછો ભેદજ્ઞાનનો અભ્યાસ કરે, નિરાળા રહેવાનો અભ્યાસ કરે. આ હું છું, આ હું નથી, હું તો જાણનાર છું તેમ અભ્યાસ કરવાનો છે.

હું ચૈતન્ય શાશ્વત છું, મારો નાશ થતો નથી. હું નિર્મળ છું, પવિત્ર છું. આવો અભ્યાસ કરે તે પહેલાં વિકલ્પથી થાય–ઉપર ઉપરથી થાય; પણ ખરું તો ઊંડાણથી કરે તે છે. ઊંડાણ પહેલાંથી આવે નહિ. અનાદિથી બહારનો અભ્યાસ છે ને અશુભમાં પડેલો છે, તેનાથી પાછો વળવા માટે વારંવાર અભ્યાસ કરે. સમજણ ન પડતી હોય તો સત્સંગ કરે, સ્વાધ્યાય કરે, શ્રવણ કરે; પણ ભેદજ્ઞાનના અભ્યાસની પાછળ જ સ્વાનુભૂતિ થવાનો પ્રસંગ આવે છે. સાચી શ્રદ્ધાપૂર્વક ભેદજ્ઞાનની ધારા પ્રગટે તો તેમાં સાચી સ્વાનુભૂતિ આવવાનો પ્રસંગ બને.

ભેદજ્ઞાન થયા વગર સાચી અનુભૂતિ થતી જ નથી. જે શરીરને જુદું ન માને, પોતે અંદર જુદું તત્ત્વ છે તેને ઓળખે નહિ અર્થાત્ જુદું તત્ત્વ છે તેને અંદરથી જુદું પાડ્યો વગર સાચી સ્વાનુભૂતિ થતી નથી. વિકલ્પ મંદ પડી જાય એટલે શાંતિ જેવું કાંઈક લાગે, કંઈક ચમત્કાર દેખાય; પણ અંદરથી વિકલ્પ તૂટીને જે આનંદ આવે તે આવતો નથી. વિકલ્પોને રોકે, દબાવી દે, પણ અંદરથી છૂટો પડતો નથી ત્યાં સુધી સાચો આનંદ આવતો નથી. ૧૬.

✍ જેમ ભગવાનનાં મંદિરને દ્વારે ટહેલ મારતાં બારણાં ખૂલે અને દર્શન થાય તેમ ચૈતન્ય ભગવાનનાં દ્વારે ટહેલ મારવા જેવું છે. ટહેલ મારી, તેનો સ્વભાવ ગ્રહણ કરી, અંતરમાં ચૈતન્યની સ્વાનુભૂતિ કેમ પ્રગટ થાય તે કરવા જેવું છે. વારંવાર હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું એમ તેની ધૂન લગાવવા જેવું છે. હું ચૈતન્ય છું, હું ચૈતન્ય છું, મને ચૈતન્યદેવનાં દર્શન કેમ થાય? ચૈતન્યદેવનાં દર્શન થાય અને મારું મંગળ–મંદિર કેવી રીતે ખૂલી જાય? એમ વારંવાર ત્યાં ટહેલ મારે તો ચૈતન્યદેવનું મંગળ–મંદિર એકવાર ખૂલી જશે અને તેમાં ચૈતન્ય ભગવાન બિરાજે છે તેનાં સ્વાનુભૂતિમાં દર્શન થશે. વારંવાર પ્રયત્ન કર તો અંતરમાં મંગળ–મંદિર ખૂલી જશે અને મંગળતાથી ભરેલા

ચૈતન્યદેવ પ્રગટ થશે. જિનેન્દ્રભગવાનનું મંદિર મંગળરૂપ છે, તેમ આ ચૈતન્યદેવ પણ મંગળરૂપ છે. મંગળ મંદિર અંતરમાંથી ખૂલી જતાં અંદર ચૈતન્યદેવ મંગળતાથી ભરેલા છે તે પ્રગટ થશે. અર્થાત્ આનંદથી ભરપૂર, જ્ઞાનથી ભરપૂર અને મંગળતાથી ભરેલી પર્યાયો પ્રગટ થશે. ચૈતન્યદેવની દરેક પર્યાયો મંગળતાથી ભરેલી છે. 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ'–બધા ગુણોની પર્યાયો અંશે મંગળરૂપ થશે અને તેમ કરતાં-કરતાં જ્યારે સાધકદશાની વિશેષ વૃદ્ધિ થઈને પૂર્ણતા થશે ત્યારે મંગળતાથી ભરેલા શુદ્ધાત્માની પૂર્ણ મંગળરૂપ પર્યાયો પ્રગટ થશે. જે મંગળતા મુનિને પ્રગટ થાય છે તેની શું વાત કરવી? અને જે મંગળતા કેવળજ્ઞાનમાં પ્રગટ થાય છે તેની શું વાત કરવી! ટહેલ મારતાં-મારતાં મંગળ દ્વાર ખૂલી જશે ને મંગળરૂપ ચૈતન્યદેવ બિરાજે છે તે મંગળમૂર્તિ ચૈતન્યદેવ પ્રગટ થઈ જશે. માટે, ટહેલ માર, તો ચૈતન્યનો લાભ પ્રગટ થશે અર્થાત્ મંગળરૂપ ચૈતન્યદેવ પ્રગટ થશે કે જે મંગળતાથી ભરપૂર છે—એટલે કે તેમાં સ્વાનુભૂતિ, આનંદ અને સુખ ભરેલાં છે. તેનું જ્ઞાન કોઈ જુદું, તેનો આનંદ કોઈ જુદો ને તેમાંથી પ્રગટેલું ચૈતન્યનું બળ—અનંત શક્તિસમ્પન્ન ચૈતન્યનું બળ—પણ કોઈ જુદું! અનંત ગુણોમાં રમનારો મંગળતાથી ભરેલો તે ચૈતન્યદેવ કોઈ જુદો જ પ્રગટ થશે. માટે, બધાએ તે જ કરવા જેવું છે.

જ્ઞાયક.....જ્ઞાયક....જ્ઞાયક....એમ કરતાં ચૈતન્યના મંગળ દ્વાર ખૂલી જાય છે ને દિવ્યમૂર્તિ ભગવાન પ્રગટ થઈ જાય છે. એ જ જીવનમાં કરવા જેવું છે.

મુમુક્ષુ :—સૌ પહેલાં સમ્યગ્દર્શન થયું હશે ત્યારે આપને આનંદ-ઉલ્લાસ કેટલો આવ્યો હશે!!

બહેનશ્રી :—મારી હું શું વાત કરું? એ તો અનંતકાળથી જે નહોતું મળ્યું તે મળે તેના આનંદનું શું કહેવું!! તે આનંદ અંશે હતો, હવે તો પૂર્ણતાની ભાવના થાય છે. ક્યારે મુનિદશા આવે? ક્ષણે ક્ષણે અંતરમાં વાસ કરી બહાર ન આવીએ એવો દિવસ ક્યારે આવે? એવી ભાવના રહે છે. ચૈતન્યમાંથી પ્રગટ થયેલો તે આનંદ જુદો જ હોય છે! અંગત વાત તો શું કરવી? બાકી હવે તો મુનિદશાની ને કેવળજ્ઞાનની ભાવના થાય છે કે તે દિવસ-એવો અપૂર્વ અવસર ક્યારે આવે કે જ્યારે મુનિ થઈ ક્ષણે ક્ષણે અંતરમાં વાસ કરીએ અને કેવળજ્ઞાન પ્રગટ કરીએ તે ભાવના રહે છે. ૧૭.

# શરીર આદિ પરદ્રવ્યોની ચિંતા સર્વથા નિરર્થક છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૫૬)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૧૨૩મી ગાથા છે. ભાવાર્થથી ફરી લઈએ. કાલે વીજળી (લાઈટ) ન હતી તેથી ટેપ ઉતર્યું નથી. પરની પર્યાય આવવાની હોય ત્યારે આવે. પરની પર્યાયને કોણ રોકી શકે?

ગાથા ૨૩નો ભાવાર્થ :–આ જે ઘર વગેરે, શુદ્ધ ચેતનસ્વભાવ અમૂર્તિક નિજ આત્માથી ભિન્ન, શુભાશુભકર્મોના ઉદયથી ઉત્પન્ન થયા છે માટે કર્માધીન છે અને નાશવાન છે માટે શુદ્ધાત્મદ્રવ્યથી વિપરીત છે.

આત્મા કેવો છે? તેની વ્યાખ્યા કરી કે આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છે અને અમૂર્તિક છે. શુભાશુભકર્મ આત્માથી ભિન્ન છે. તે કર્મોના ઉદયથી ઘર, પરિવાર, શરીરાદિ ઉત્પન્ન થયા છે માટે તે બધા કર્માધીન છે. તેથી પાઠમાં તેને कर्मायत्तं કહ્યાં છે.

તત્ત્વજ્ઞાન તરંગિણીમાં કહ્યું છે કે ભાઈ! આ જે તને બાહ્ય સંયોગો મળ્યા છે એ તને પૂર્વે અનંતવાર મળી ચૂક્યા છે, એ અપેક્ષાએ તેને સુલભ કહીએ છીએ પણ, એક અપેક્ષાએ તેને દુર્લભ કહીએ છીએ કેમ કે એ તો કર્મને આધીન છે, કાંઈ તારે આધીન નથી પરાધીન છે. તેથી તારા વર્તમાન પ્રયત્નથી સંયોગો પ્રાપ્ત થાય તેમ નથી. એમ આત્માનો ધર્મ અનંતકાળથી પ્રાપ્ત થયો નથી માટે દુર્લભ છે, પણ આત્માનો ધર્મ પ્રગટ કરવા માટે પરની સહાયની જરૂર નહીં હોવાથી તેને સુલભ પણ કહેવાય છે. આ રીતે બંને ભાવ અરસ-પરસ છે.

શ્રોતા :—તો એ બેમાંથી ક્યો ભાવ યથાર્થ સમજવો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—બંને ભાવ યથાર્થપણે સમજવા. સ્વભાવથી જે સત્ છે એવા આત્માની પ્રાપ્તિ સરળ છે કેમ કે તેમાં કોઈ દેહ, વાણી, મનની જરૂર નથી. સ્વયંસિદ્ધપણે પોતાથી પોતે પોતાનું કામ કરી શકે છે, તેમાં પોતાને કોઈની મદદની

જરૂર નથી. માટે, તેને સુલભ કહ્યું. પણ, અનંતકાળથી એક ક્ષણ આત્મવસ્તુને પોતે સમજ્યો નથી માટે, તેને દુર્લભ કહેવાય. આમ, બંને અપેક્ષા લક્ષમાં લેવી જોઈએ.

સત્ સરળ છે, સ્વતંત્ર છે. જ્યાં જુઓ ત્યાં તું તો પોતે જ છો. માટે, સ્વભાવ પણ પોતે અને તેનું કાર્ય પણ પોતે હોવાથી સુલભ છે. છતાં, અનંતકાળમાં એણે પોતાની સંભાળ કરી નથી માટે, સત્‌ની પ્રાપ્તિ દુર્લભ થઈ ગઈ છે.

મોક્ષમાર્ગપ્રકાશકમાં દાખલો આપ્યો છે નદીકાંઠે એક પાગલ બેઠો હતો ત્યાં રાજાની સવારી આવી, રાણી આવી, હાથી-ઘોડા લશ્કર વગેરે બધું આવ્યું. તે જોઈને પાગલ ખુશી થાય છે. જ્યાં બે કલાક આરામ કરીને બધાં જવા લાગ્યા તો પાગલ કહે છે 'કોની આજ્ઞાથી જાઓ છો?' અરે! અમે ક્યાં તારા કહેવાથી આવ્યા હતા કે તારી આજ્ઞા લઈને જઈએ? અમે તો અમારા કારણે આવ્યા હતા અને ટાઈમ થઈ ગયો તેથી જઈએ છીએ. પણ... હું બેઠો હતો માટે તમે આવ્યા ને?–ના. અમે તો કુદરતી આવ્યા અને ત્યાં કુદરતી તું બેઠો હતો, અમે કાંઈ તારા કારણે આવ્યા નથી.

તેમ આ જીવ જ્યાં જન્મ્યો ત્યાં પૂર્વના પુણ્યના કારણે બધી સામગ્રી આવીને ભેગી થાય છે. એ પુણ્ય જ્યાં પૂરા થાય ત્યાં સામગ્રી ખસવા લાગે છે. ત્યારે આ મૂઢને એમ થાય છે કે મારી વસ્તુ મારી ઈચ્છા વગર કેમ ચાલી જાય છે? વસ્તુ કહે છે કે અમે તારા કારણે આવ્યા નથી અને તારા કારણે જતાં નથી. તું પાગલ છો તેથી શરીર, ઘર, દાગીના, ધન આદિને પોતાના માનીને તેમાં જ મૂર્છાઈ ગયો. શરીર જુવાનીમાં સારું હતું અને હવે કેમ ઢીલું પડવા લાગ્યું? ભાઈ! એ શરીર ક્યાં તારું છે કે તારી ઈચ્છા પ્રમાણે વર્તે? શરીર તો કર્મના નિમિત્તે બનેલું ઢીંગલું છે. કર્મ પણ નિમિત્ત છે, ઉપાદાન તો પરમાણુનું પોતાનું છે.

ઘરમાં છોકરો જન્મે ત્યાં તો બધા ખુશી થઈ જાય, લાપસી કરે, છોકરાં ન હોય તો ગોદ લે. વારસો છોકરા વગર કોને દે? પણ છોકરાને દેવાથી તો પાપ થશે એના કરતા ધર્મના ખાતામાં આપી દે ને! છોકરો તો મોટો થશે ત્યારે બાપને પૈસા ધર્માદામાં દેવા હશે તો આપવા નહીં દે! મને ગોદમાં લીધો છે તો મારી મરજી પ્રમાણે પૈસા વપરાશે. આવા બંધન માણસ હાથે કરીને ઊભા કરે છે, તેને કોણ રોકી શકે!

ખરેખર એક એક રજકણ સ્વતંત્ર છે. કાંઈ બાહ્ય સામગ્રી કર્મના કારણે આવતી નથી. પણ, જીવના કારણે સામગ્રી આવી નથી એ બતાવવા કર્મના ઉદયથી આવી

છે એમ કહેવાય છે પણ કર્મ તો નિમિત્ત છે. ઉપાદાન તો એ સામગ્રીના રજકણનું પોતાનું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને લાવી શકતું નથી. કર્મનું નિમિત્ત હોવાથી તેને કર્માધીન કહી છે.

આ ઘર, પરિવાર આદિ સામગ્રી કર્માધીન છે તેમ જ વિનશ્વર છે, માટે શુદ્ધાત્મદ્રવ્યથી વિપરીત છે. ભગવાનઆત્મા શુદ્ધસ્વરૂપ ટંકોત્કીર્ણ, નિત્યાનંદ, ધ્રુવ પ્રભુ કાયમ રહેનાર છે, જ્યારે સંયોગમાં આવેલી સામગ્રીના સ્કંધો તો નાશવાન છે. સ્કંધની અવસ્થા પલટીને બીજારૂપે થઈ જાય છે. પર્યાય નવી બને છે, કાંઈ સત્ વસ્તુ પોતે નવી બનતી નથી. શુદ્ધાત્મદ્રવ્ય કોઈનું બનાવેલ નથી, માટે અકૃત્રિમ છે. અનાદિ-અનંત શુદ્ધ ચિદાનંદસ્વરૂપ છે. અનાદિસિદ્ધ છે એટલે અનાદિઅનંત છે એવું સાબિત થાય છે. ટંકોત્કીર્ણ જ્ઞાયક એકસ્વભાવી છે.

ચૈતન્યવસ્તુ ટાંકીને ઘડેલી મૂર્તિ જેવો નથી. શેત્રુંજયમાં એક ઓરડા પ્રમાણ મૂર્તિ ત્યાં ખોદેલી છે. હજારો મણની મૂર્તિ બહારથી લાવીને મૂકે કેવી રીતે! પહાડમાંથી જ ખોદીને અદબદ્નાથ નામની મૂર્તિ બનાવી છે. તેમ આ ચૈતન્યમૂર્તિ કોઈની બનાવેલી નથી, અનાદિ-અનંત એવી ને એવી જ છે. માટે, આત્મા આદિ વિનાનો અનાદિસિદ્ધ છે.

ચૈતન્યમૂર્તિ અમૂર્તિક મૂર્તિ છે, ટાંકીને ઘડેલી નથી. અમૂર્ત અને અરૂપી છતાં એ વસ્તુ છે. શરીર પ્રમાણે શરીરથી ભિન્ન રૂપ, રસ, ગંધ વગરની વસ્તુ છે. તેનું અમૂર્તિક સ્વરૂપ છે, સ્વરૂપ વગરની વસ્તુ નથી.

અરે! હું આવો એક મહાન પદાર્થ છું કે જેમાં અનંતા સિદ્ધ ભગવાન બિરાજે છે. એટલે કે જેના ધ્રુવમાં અનંતી સિદ્ધપર્યાય પ્રગટ થાય એવી શક્તિ પડી છે. આવા આત્મસ્વરૂપથી દેહ, વાણી,મન, રાગાદિ બધુ ભિન્ન છે. આવું સર્વજ્ઞકથિત પરમાગમમાં પરમજ્ઞાનના ધારી યોગીશ્વરોએ જોયું છે. જ્ઞાનની દશાની કળા દ્વારા અમૂર્તિક અનાદિ-અનંત શુદ્ધસ્વરૂપને અંતરનેત્રથી યોગીશ્વરોએ જોયું છે. ભગવાને તો આત્મા જેવો જોયો તેવો વાણીમાં કહ્યો છે અને તે વાણી–પરમાગમમાં આત્માને જેવો કહ્યો તેવો સંતોએ જોયો છે. એમ કહીને પરમાગમ સિવાય બીજામાં આત્મા કહ્યો છે તે સાચો નથી એમ કહ્યું છે.

અહીં પુત્ર, મિત્ર, સ્ત્રી, શરીર આદિ સર્વને અનિત્ય જાણી નિત્યાનંદરૂપ નિજ શુદ્ધાત્મસ્વભાવમાં સ્થિર થઈ ગૃહાદિક પર દ્રવ્યમાં મમતા ન કરવી એમ સારાંશ છે.

શુદ્ધાત્મસ્વભાવમાં પ્રીતિ થયા વગર ગૃહાદિકની મમતા છૂટતી નથી. શુદ્ધદ્રવ્યસ્વભાવને દૃષ્ટિમાં લઈ, તેમાં ઠરી જાય તો જ ગૃહાદિકની મમતા છૂટી જાય છે. સંયોગ તો આવે છે અને ચાલ્યા જાય છે. માટે, તેની મમતા વ્યર્થ છે.

આ શેની વાત ચાલે છે?—કે ચિદાનંદ દ્રવ્યસ્વભાવનો વિશ્વાસ કરીને તેમાં ઠરવાની વાત ચાલે છે. જેમ, બાહ્ય અનેક પ્રકારની સામગ્રી આ છે....આ છે.... આ છે તેમ, આ એક મોટો ભગવાન અંદરમાં છે તે પૂર્ણાનંદથી ભરેલો છે, તેને અંતર્દૃષ્ટિથી નિહાળીને તેમાં જ ઠર! અને બહારની વસ્તુમાં આ મારી છે એવી મમતા છે તે છોડ! છોકરાનો છોકરો સારો આવે ત્યાં આ દાદાને અંદરમાં ગલગલિયા થઈ જાય. પણ, એ તો જગતનું તત્ત્વ છે, જ્ઞેય છે, તેમાં આ સારું અને આ ખરાબ એવા બે ભેદ જ નથી. રૂપાળા દેખાતા હોય પણ કાળા કામ કરતાં જોયા છે. પોતાનો સ્વાર્થ સધાતો હોય, મમતા પોષાતી હોય ત્યાં સુધી બાપાને બોલાવે પણ જો સ્વાર્થમાં ખામી પડે તો બાપને મારી પણ નાંખે. રાજાના કુંવર રાજાને મારી નાખે એવા દાખલા જોયા છે ને! ઝેર આપી દ્યે. ૮૦ વર્ષ થઈ ગયા તોય મરતા નથી તો મને રાજ્ય ક્યારે મળે? એમ કરીને ડોક્ટર પાસે ઝેરનું ઈન્જેક્શન અપાવી દે. આ બધું બનેલું છે અન ેબને જ છે.

એક માને દીકરા સાથે કાંઈક અણબનાવ થયો, તો દીકરો હજું પરણીને આવ્યો ત્યાં તેને મારી નાંખ્યો. એ તો એનું આયુષ્ય પુરું થયું હોય એટલે મર્યો, કાંઈ કોઈની પર્યાયને બીજો કોઈ કરી ન શકે પણ આ તો એને મારવાના ભાવની વાત ચાલે છે. બીજી એક માને એકનો એક દીકરો હતો અને પોતાની પાસે દશ લાખની મૂડી હતી પણ દીકરો બોલ્યો હશે તો આને એમ થઈ ગયું કે મારા ધાર્યા બહાર આવી ભાષા દીકરો કેમ બોલ્યો! હવે તેને એક પૈસો ન દઉં! દશ લાખ ઉડાડી દીધા પણ દીકરાને ન આપ્યા.

પ્રેમ હોય ત્યાં સુધી દીકરાં મારા....મારા....લાગે, પ્રેમ ન રહે ત્યાં કોણ માં ને કોણ દીકરો? કાંઈ સંબંધ ન રહે. માટે બધેથી પ્રેમ છોડ અને અહીં અંતરમાં ભગવાન બિરાજે છે તેમાં પ્રેમ કર! મારો પ્રભુ પૂર્ણાનંદથી ભરેલો છે. મારાં ખજાને ક્યાં ખામી છે કે મારે પરની અપેક્ષા હોય! હું પૂર્ણ શ્રદ્ધા, પૂર્ણ વીર્ય, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણાનંદથી ભરેલો પૂર્ણ શાંતિ એટલે ચારિત્રથી પૂર્ણ, કર્તા-કર્મ આદિ બધી શક્તિઓથી પૂર્ણ ભરેલો ભંડાર છું. મારે પરની આશા શું કામ કરવી પડે!

બધેથી રુચિ છોડીને તારા પરમાત્મસ્વરૂપનો વિશ્વાસ લાવ! વિશ્વાસ લાવ! વિશ્વાસ ક્યારે આવે કે આ બધા પરનો વિશ્વાસ છોડી દે ત્યારે આત્માની પૂર્ણતાનો વિશ્વાસ આવે. 'પરમાત્મપ્રકાશ' પોતાના પ્રભુની પૂર્ણતાને બતાવે છે કે તું પોતે પૂર્ણપ્રભુ છો, તારામાં ક્યાંય ખામી નથી. તારે જે જોઈએ તે અંદરમાં મળે તેવું છે. માટે, સ્વરૂપની શ્રદ્ધા કરીને તેમાં ઠર અને પરની મમતા છોડી દે!

આ સાધારણ રીતે મમતા છોડી દેવાની વાત નથી. આત્મવસ્તુ એક સમયમાં પૂર્ણ છે એવી જ્યાં દૃષ્ટિ થાય, જ્ઞાનમાં જણાય અને અનુભવથી વેદે ત્યાં આ જ મારી ત્રિકાળી વસ્તુ છે એમ કરીને તેમાં ઠરતાં પરની મમતા છૂટે છે! તેને મમતા ખરેખર છૂટી કહેવાય. બહારથી સ્ત્રી, પુત્ર છોડી દેવાથી મમતા છૂટી છે એમ નથી. અરે! બાહ્ય વસ્તુ તો ઠીક, એક રાગના કણને પણ જે સારો માને છે, કરવા જેવો માને છે તેના અભિપ્રાયમાં આખો સંસાર કરવા જેવો છે એવી માન્યતા બેઠેલી છે.

માટે, અહીં કહે છે કે નિત્યાનંદ નિજ શુદ્ધ ધ્રુવ પરમાત્માને સ્વજ્ઞેય બનાવી તેની દૃષ્ટિ કરી તેમાં ઠર તો બીજી બધી મમતા છૂટી જશે. હવે આગળ, ઘર પરિવારાદિની ચિંતાથી મોક્ષ નહીં મળે એમ નિશ્ચય કરે છે.

मुक्खु ण पावहि जीव तुहुं धरु परियणु चिंतंतु।
तो वरि चिंतहि तउ जि तउ पावहि मोक्खु महंतु॥१२४॥

અર્થ :—હે જીવ! તૂ ઘર પરિવારાદિની ચિંતા કરતો થકો કદી મોક્ષ પામી નહીં શકે. માટે, ઉત્તમ તપનું જ વારંવાર ચિંતવન કર! કેમ કે તપથી જ શ્રેષ્ઠ મોક્ષસુખને પામી શકીશ.

અષ્ટપાહુડમાં આવે છે કે તીર્થંકરને તો ધ્રુવમોક્ષ છે એટલે કે મોક્ષ નક્કી છે. તીર્થંકરનો જન્મ થયો ત્યારથી ખબર છે કે હું તીર્થંકર થવાનો છું, આ મારો છેલ્લો ભવ છે. પૂર્વભવથી આ ખબર છે. એવા તીર્થંકરના જીવ પણ સ્વરૂપમાં ઠરી, ચારિત્રમાં લીન થઈ, બીજે બધેથી મમતા છોડી દે છે. તીર્થંકરને 'ધ્રુવસિદ્ધિ' એટલે ચોક્કસ મોક્ષ છે એવો પાઠ છે. અમારી મુક્તિ નિશ્ચિત છે પણ સ્વરૂપમાં ઠર્યા વિના મુક્તિ નહીં મળે. એકલા સમ્યગ્દર્શન અને જ્ઞાનથી એટલે કે ત્રણજ્ઞાન લઈને આવ્યા છે તેનાથી મુક્તિ નહીં મળે.

પ્રભુને ક્ષાયિક સમકિત અને ત્રણ જ્ઞાન છે, મોક્ષ નક્કી છે. ઉપરથી ઈન્દ્ર પણ આવીને કહે છે કે પ્રભુ! તમે આ જ ભવે મોક્ષ જવાના છો. અમે પણ એક ભવ કરીને મોક્ષ જવાના છીએ, પણ આપને તો આ ભવે જ મોક્ષ છે. આદિનાથ-ઋષભદેવ જ્યારે મોક્ષ પધારે છે ત્યારે ભરતની આંખમાંથી આંસુ જાય છે. ઈન્દ્ર કહે છે, ભરત! તમે તો ચરમશરીરી છો, આ જ ભવે તમે પણ મોક્ષ જવાના છો. અમારે તો હજી એક મનુષ્યનો દેહ મળવાનો છે. તમારે તો હવે ભવ નથી, છેલ્લો ભવ છે (છતાં આ શું?) ભરત કહે છે, ઈન્દ્ર! અમને ખ્યાલ છે કે આ દેહ છેલ્લો છે છતાં અત્યારે ભગવાનના વિરહે મને અંદર રાગ આવી જાય છે. મને જે અસ્થિરતા આવે છે તેનો પણ મને ખ્યાલ છે. અરે! ભરતનો સૂર્ય આજ અસ્ત થઈ ગયો. ભગવાનનો વિરહ પડી ગયો....એવો પ્રશસ્ત રાગ આવે છે. ક્ષાયિક સમકિત છે, ત્રણ જ્ઞાન છે છતાં ચારિત્રમાં આવો દોષ આવે છે. પણ અમારા સ્વભાવમાં એ રાગ નથી, રાગ પૃથક્પણે થાય છે, તેનું જ્ઞાન છે છતાં આ સ્થિતિ ઊભી થાય છે. ભક્તિનો રાગ આવે કે છે અરે પ્રભુ! ભરતક્ષેત્રમાં સૂર્ય ઉગ્યો હતો એ આજે અસ્ત થઈ ગયો, અમે ક્યાં જશું? શું થશે? આવો બધો રાગ આવે છે તે દોષ છે એમ જ્ઞાની સ્વીકારે છે. અમે રાગ છોડી, સ્વરૂપમાં ઠરશું ત્યારે અમને કેવળજ્ઞાન થશે.

બાહુબલીની વાત પુરાણમાં આવે છે ને! ભરત ચક્રવર્તી બાહુબલી મુનિરાજની પૂજા કરે છે ત્યારે બાહુબલીનું ધ્યાન જતાં એમ થાય છે કે અરે! મને તો એમ હતું કે ભરતને દુઃખ થયું હશે પણ આને કાંઈ નથી, આ તો પૂજા કરે છે. ફડાક વિકલ્પ તૂટીને શ્રેણી માંડે છે અને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. ક્ષણમાં પરિણામમાં ગુંલાટ ખાધી તો ક્ષપકશ્રેણી એટલે ધારાવાહી શુદ્ધ પરિણતી પ્રગટ થઈ ગઈ. શ્વેતામ્બરમાં બીજી રીતે આવે છે કે બાહુબલીની બંને બહેનો આવીને ગાય છે કે વીરા! મોરા ગજ થકી ઊતરો, ગજ ચઢ્યે કેવળ ન હોય કે....વીરા મોરા ગજ થકી ઊતરો....જ્યાં સુધી વિકલ્પ રહે છે ત્યાં સુધી તીર્થંકર જેવાને પણ મોક્ષ થતો નથી. તો હે જીવ! તૂં ઘર-પરિવાર આદિની ચિંતા કર્યા કરીશ તો મોક્ષ ક્યાંથી થશે? ચિંતા વિકલ્પ છે, તે વિકલ્પથી વસ્તુની પ્રાપ્તિ થતી નથી; માટે ચિંતા વસ્તુની પ્રાપ્તિ માટે નિરર્થક છે અને ચિંતાના કારણે સ્વભાવની શાંતિ પણ મળતી નથી; માટે, ચિંતા તો બધી જગ્યાએ ડખલ-વિઘ્ન કરનાર છે. ઈ વાત અહીં કરે છે. ચિંતાથી મફતની ડખલ ઊભી કરે છે.

તારાં વિકલ્પ કરવાથી કાંઈ જગત અનુકૂળપણે રહે એમ બનતું નથી. માટે,

જગતની ચિંતા તદ્દન જૂઠી છે અને ચિંતા આત્માની શાંતિ અને આત્માના મોક્ષને પણ કરનાર નથી. તને એમ થાય છે કે કુટુંબમાં કે સમાજમાં કોઈ ગરીબ હશે કે રોગી હશે તેને તારાં ચિંતા કરવાથી સારું થઈ જશે, વ્યવસ્થા થઈ જશે, નિર્ધનતા ટળી જશે તો અહીં મુનિરાજ કહે છે કે તારા વિકલ્પથી પરમાં વ્યવસ્થા થઈ જાય એવી તારી માન્યતામાં મૂઢતા છે, એમ ભગવાન કહે છે.

આ પરમાત્મપ્રકાશ છે ને! ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં આવેલી આ વાત છે. તેને સંતોએ ઝીલી અને જાણી અને વિકલ્પ આવ્યો અને આ વાત નીકળી કે અરે જીવો! તમે કોના માટે કલ્પના કરો છો? તમારી કલ્પના અનુસાર ઘરમાં વ્યવસ્થા થાય છે એ વાત હરામ છે.

શ્રોતા :—સાહેબ! કલ્પના તો થાય છે પણ એ પ્રમાણે થતું નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :—તો પ્રત્યક્ષ છે ને! કલ્પના પ્રમાણે બધુ તો નહીં પણ થોડું તો થાય એમ માનવું પણ ખોટું છે. એક તરફ પૂર્ણાનંદનો નાથ ભગવાનઆત્મા પોતે અને બીજી તરફ સ્ત્રી, પુત્ર, પરિવાર આદિ આખું જગત છે. તેમાં વચ્ચે કલ્પના ઊભી કરી છે તે અશુભ કલ્પનાના કારણે શરીર નિરોગ રહે, બધી જાતની વ્યવસ્થા રહે— એ બિલકુલ જૂઠી વાત છે. તૂ દીકરાને મીઠાશથી બોલાવ એટલે દીકરો તને સાચવે એ વાત હરામ છે.

શ્રોતા :—કલ્પનામાં ને કલ્પનામાં જીવન ચાલ્યું જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—એટલે તો આ જંગલમાં વસતા દિગંબર આચાર્ય મહારાજે આ કથા માંડી છે. તે મફતમાં જવા દેવા યોગ્ય નથી. બહારની ચીજોની કલ્પના કરવાથી તેમાં ફેર પડશે કે આત્માને કાંઈ અનુકૂળતા થશે એમ તને લાગે છે! અરે! એ કલ્પના કહો કે ચિંતા અનર્થકારી છે, કામની નથી. ચિંતાથી બહારમાં કાંઈ સિદ્ધિ નથી તેમ, અંતરની શાંતિનું પ્રયોજન પણ તેનાથી સિદ્ધ થતું નથી. એમ કહેવા માગે છે. આ કોઈ સાધારણ વાત નથી. ચિંતા વિનાનો તારો ભગવાનઆત્મા છે તેમાં ઠર ને!

પણ આ છોકરાઓને જુદા કરવા હોય, ભાગ પાડવા હોય તો આપણે જઈને કરવું પડે ને! આપણા વિકલ્પથી થોડી વ્યવસ્થા તો થાય ને! એમ એ માને છે પણ એ વાતમાં એક દોકડો પણ સાચો નથી. છોકરાઓ જે વાત તારી માને છે એમ તને

લાગે છે તે એને ગોઠે છે એટલે માને છે, તારા કહેવાથી માનતો નથી. તું તો મફતમાં મુંડાઈ જાય છે.

ભાઈ! તને એમ વતું હોય કે મેં આવો વિકલ્પ કર્યો, આમ કર્યું તો કાંઈક કામ ઠીક થયું, વ્યવસ્થા ઠીક થઈ; મેં ન કર્યું હોત તો કોઈ માનત નહીં, કાંઈ વ્યવસ્થા થાત નહીં. એ નિરર્થક કલ્પના કરવી રહેવા દેજે. ભ્રમણામાં રહીશ નહીં. કાર્ય તો વસ્તુમાં જે થવાનું હોય તે તેના કારણે થાય. દીકરો પિતાજી–પિતાજી કરે છે તે તેની અનુકૂળતાના કારણે બોલે છે, તમારી અનુકૂળતા માટે બોલતો નથી.

ભાઈ! તે કાંઈ નક્કી-નિર્ણય કર્યો છે કદી? એક તરફ ભગવાનઆત્મા અને બીજી તરફ આત્મા સિવાયની બીજી બધી ચીજ જેમાં મકાન, દુકાન, પૈસા, દીકરા-દીકરી-વહુ બધું આવી જાય. તારી કલ્પનાથી એમા કાંઈ ફેરફાર થતો હશે? મેં ધ્યાન રાખ્યું માટે કામ રસ્તે ચડ્યું! એ સાચું છે? વિચાર કર! એકલી મિથ્યા ભ્રમણા છે એમ ખ્યાલમાં આવે છે! અરે! તને આ પરની ચિંતારૂપી ભૂત વળગ્યું છે તેનાથી પરમાં કાંઈ ફેરફાર નહીં થાય અને તને પણ શાંતિ નહીં મળે હો.

જ્ઞાનીને પણ અસ્થિરતાવશ વિકલ્પ તો આવે છે પણ જ્ઞાનીને ભાન છે કે મારાથી પરમાં કાંઈ થઈ શકે નહીં. મને વિકલ્પ આવે છે તે મારી નબળાઈ છે, પરદ્રવ્યના કારણે મને વિકલ્પ ઉઠે છે એમ નથી. કુટુંબના કારણે વિકલ્પ ઉઠતો હોય તો તો કુટુંબ 'કારણ' અને વિકલ્પ 'કાર્ય' થઈ જાય એવો કારણ-કાર્ય સંબંધ ત્રિકાળમાં કદી પણ ન હોઈ શકે. અજ્ઞાનીને એમ લાગે છે કે હું કર્તા અને પરદ્રવ્યમાં મારું કાર્ય થાય છે, તેથી અહીં અજ્ઞાનીને સમજાવે છે. આ તો દિગંબર સંતો છે, નાની વાત પણ એના મૂળરૂપમાં મૂકે છે. નાની વાત કરીને પણ વસ્તુનું મૂળ સ્વરૂપ અને તેની મર્યાદા સમજાવે છે.

માટે, બાર પ્રકારના ઉત્તમ તપનું વારંવાર ચિંતવન કર! તેનાથી જ શ્રેષ્ઠ એવો મોક્ષ થશે. તપ એટલે મુનિપણું. સંયમ અને એકાગ્રતા વડે મુનિ મુક્તિને પામે છે. ચિંતારહતિ તે સંયમદશા છે. તે સંયમવડે સ્વરૂપમાં સ્થિરતાથી જ મુક્તિ છે. એ સિવાય મુક્તિ નથી. તીર્થંકરો મુક્તિ પામ્યા તે પણ સ્વરૂપમાં સ્થિરતા વડે પામ્યા છે. સ્થિરતા વિના ઉપયોગને બહારમાં ભટકાવ્યા કરે તો એકલી હેરાનગતિ છે.

તૂં ગૃહ આદિ પરવસ્તુઓનું ચિંતવન કરતો થકો કર્મ-કલંક રહિત કેવળજ્ઞાનાદિ અનંતગુણસહિત મોક્ષને નહીં પામી શકે

આ ગૃહ આદિમાં દીકરા, દીકરાના દીકરા, આબરૂ આદિ બધુ આવી ગયું હો. એકની એક દીકરી હોય તેને સરખી ભણાવીએ તો સારું ઠેકાણું મળે. આજના જમાનામાં છોકરાઓ ઉદ્ધત હોય, એ ભણેલી છોકરી હોય તો રાખે. માટે, આપણે છોકરીને ખૂબ ભણાવો...એવી કલ્પના તારી ખોટી છે. ભાઈ! તદ્દન ખોટી છે, સો ટકા ખોટી છે.

શ્રોતા :—અત્યારે આવી જ માન્યતા ચાલે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—એથી જ આચાર્યદેવ કહે છે છોકરી મોટી થઈ હોય તેને અનુભવ હોય કે ચિંતાનો પાર ન હોય, અનેક જાતના વિકલ્પ ઊઠતાં હોય, માટે કહે છે કે તારી ચિંતાથી કાંઈ વ્યવસ્થા થઈ જવાની નથી. માટે, વસ્તુનો સ્વભાવ શું છે તે વિચારો....મફતની ચિંતાથી કાંઈ થવાનું નથી. કાર્ય તો થવાનું હોય તેમ જ થાય છે.

સમ્યગ્દષ્ટિને કલ્પના ઉઠે છે પણ તે પોતાના કારણે નથી અને પરના કારણે નથી, પોતાની નબળાઈથી આવે છે. તેથી નબળાઈ જતાં કલ્પના છૂટી જાય છે. અજ્ઞાની તો કલ્પનામાં જ વળગી ગયો છે. માટે, કહે છે કે તું આમ જ પરવસ્તુનું ચિંતવન કર્યા કરીશ તો કેવળજ્ઞાનાદિ અનંતગુણસહિત મોક્ષને પ્રાપ્ત નહીં કરી શકે અને મોક્ષનો માર્ગ જે નિશ્ચય-વ્યવહાર રત્નત્રય તેને પણ નહીં પામી શકે.

જુઓ! મોક્ષ તો નહીં પણ મોક્ષનો માર્ગ પણ નહીં મળે. પરની ચિંતા કરવાનું ફળ આ છે. નિશ્ચય એ સત્ય મોક્ષમાર્ગ છે અને વ્યવહાર એ નિમિત્તરૂપ મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગીને તેને યોગ્ય દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, સાત તત્ત્વની શ્રદ્ધા આદિના જ વિકલ્પ હોય, ભૂમિકા યોગ્ય જ વિકલ્પ હોય છે. માટે, તેને વ્યવહાર રત્નત્રય કહ્યા છે પણ પરની ચિંતામાં પડેલો તો એક્કેય મોક્ષમાર્ગને પામી શકતો નથી. સમ્યગ્દર્શન પણ પામી શકતો નથી. ચિંતામાં એકાકાર થઈને આને આમ કરી દઉં ને આને આમ સુધારી દઉં—એ તો મિથ્યાદૃષ્ટિ જ છે. બહારમાં ફેરફાર કરવાની બુદ્ધિથી ત્યાં તો કાંઈ ફેરફાર નહીં થાય પણ તને સમ્યગ્દર્શન નહીં થઈ શકે. એવું નુકશાન તને થશે.

જુઓ! આ વાત બરાબર હશે?

કલ્પનાની જાળમાં એવું જોર આવે છે કે આમ કરું તો આમ જ થશે. એવો

અભિપ્રાય રાખીશ તો સમ્યગ્દર્શન નહીં થાય. મોક્ષમાર્ગને પામી નહીં શકે. અજ્ઞાની દૃષ્ટાંત આપીને પોતાના પક્ષને મજબૂત કરે છે કે જ્યાં આપણે બેસવું હોય ત્યાં નીચે ઉપર કચરો વાળી, બાવા કાઢીને સાફ તો કરવું પડે ને! તેમ, જે ઘરમાં રહેવું હોય તે ઘરમાં વ્યવસ્થા તો બધી કરવી પડે ને! ભાઈ! એકલી એવી કલ્પનામાં ચોંટી જઈશ તો મિથ્યાત્વમાં મરી જઈશ. વ્યવસ્થા તો તારાથી નહીં થાય પણ સમ્યગ્દર્શન પણ આવી કલ્પનાજાળમાં થઈ શકે નહીં. નિશ્ચય-વ્યવહાર રત્નત્રય નહીં પામ!

મેં બરાબર વિચાર્યું છે કે આ છોકરાને આ કામમાં લગાવવો, છોકરીને અહીં પરણાવવી, ઘરમાં આ પ્રકારે ગોઠવણ કરવી, પૈસા આટલા ધંધામાં લગાવવા, આટલા પૈસાનું વ્યાજ ઉપજાવવું-એવી એવી કલ્પના અને માન્યતા એ તારી ભ્રમણા છે. તારા વિકલ્પ પ્રમાણે વ્યાજ ઉપજતું નથી કે કલ્પના પ્રમાણે કાંઈ થતું નથી. કલ્પનામાં રોકાઈશ તો નિશ્ચય-વ્યવહાર સમ્યગ્દર્શન નહીં થાય. દેવ-ગુરુ કહે છે કે તારી કલ્પનાથી કાંઈ થતું નથી, એ વાતની શ્રદ્ધા પણ તને નહીં થાય.

ત્રિલોકીનાથ ભગવાન, આગમ-ભગવાન અને ગુરુ એમ કહે છે કે 'તારી કલ્પનાથી પરમાં કાંઈ ન થાય' અને તું એમ માનીશ કે મારી કલ્પનાથી બધું થાય છે તો તારી વ્યવહારશ્રદ્ધા પણ સાચી નહીં થાય. કલ્પનામાં તારું ઊંધું જોર કેટલું છે? ચિંતા કર્યા વગર ઘરમાં બેસી રહેવાતું હશે! કોઈને કાંઈ ઠપકો આપ્યા વગર સુધરી જતા હશે? જીવ તો જીવ છે, તે ચિંતા વિના રહેતો હશે? ચિંતા કર્યા વગર કોઈ કામ ન થાય! ઘરમાં થોડી સત્તા રાખવી જોઈએ. એ વગર બાયડી, છોકરા, વહુ કોઈ આપણને ગણે નહીં. કડકાઈ રાખી હોય તો બધાને માનવું પડે...આવી બધી ઉંધી માન્યતા છે તેને વ્યવહારશ્રદ્ધાની પણ ખબર નથી.

આ તો આચાર્યોના કથનની અંદર મર્મ છે, ભાઈ! તને કલ્પનામાં આટલું બધું જોર આવી જાય છે! તો તું નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગ પામી નહીં શકે. માટે, ઢીલો પડી જા ભાઈ! કલ્પનામાં જોર ન દે.

વળી, અજ્ઞાની એમ પણ માને કે ખાવા-પીવાનું સાધન બરાબર હોય, છોકરાઓ ધંધો સંભાળતા હોય તો નિશ્ચિંત થઈને ધર્મ થાય. તો અહીં એ જ કહે છે કે ભાઈ! આ તે શું માંડ્યું છે! *મૂઢ છો! આવું તને કોણે કીધું? પાગલ છો.

ભગવાન આચાર્ય કહે છે કે 'તું કલ્પનામાં રહીશ તો મોક્ષ નહીં પામ' એટલો

પાઠ છે તેમાંથી ટીકાકારે મોક્ષમાર્ગ પણ નહીં પામી શકે એવો ભાવ ખોલ્યો. वर चिंतही तउ पावहि मोक्खु महंतु। પાઠના મૂળ શબ્દો તો બહુ થોડા હોય તેની ટીકા કરીને ટીકાકાર સ્પષ્ટતા કરે છે. ટીકા એટલે નિંદા નહીં પણ સ્પષ્ટીકરણ. પાઠમાં રહેલા ભાવને વિશેષ ખોલવો તે ટીકા છે.

સાધુ નામ ધરાવીને પછી શિષ્યોની ચિંતા કરે, પુસ્તકની ચિંતા કરે, પાઠશાળાની ચિંતા કરે એ બધી મફતની ચિંતા છે. ચિંતા કરવાથી કાંઈ શિષ્યો કે પુસ્તકો કે પાઠશાળા આદિ સરખાં રહે—એમ નથી. સાચી શ્રદ્ધા થયા વિના જીવને ઉંધે રસ્તે ચડતાં વાર નથી લાગતી. કાંઈક ધ્યાન રાખીએ તો જ બધું સરખું રહે એ તારી માન્યતાથી શ્રદ્ધા મિથ્યા થાય છે. વ્યવહારશ્રદ્ધાના પણ ઠેકાણા નહીં રહે. નિશ્ચય-વ્યવહાર એકેય સમકિતને પામીશ નહીં.

આ ગૃહાદિકના ચિંતવનથી ભવ-વનમાં ભ્રમણ કરીશ. લો! મોક્ષમાર્ગ તો નહીં મળે પણ બંધમાર્ગમાં ભ્રમણ થશે. આત્માને દીકરા કે દીકરી કાંઈ હોય જ નહીં, તો દીકરા-દીકરીનો બાપ તું ક્યાંથી થયો! આ તે કોની માંડી! આત્મા ક્યાં મનુષ્ય છે! મનુષ્ય તો આ માટી છે. માટીમાં આત્મા હોય?

શ્રોતા :—આમાં હવે શું કરવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એકત્વબુદ્ધિ છોડી દેવી. માન્યતામાં મિથ્યાત્વ છે તેને છોડી દેવું. 'આમ કરું તો આમ થાય.' એ આદિ શલ્ય માન્યતામાં પડ્યા છે તેને છોડી દેવા. તું ઊંધી માન્યતા તો છોડ! પછી બહારમાં તો જે થવું હશે તે થશે.

ત્રણલોકના નાથ સર્વજ્ઞ વીતરાગ પરમદેવે જ્ઞાનમાં જાણ્યું છે કે જગતની ચીજની વ્યવસ્થા સ્વયં થાય છે. વ્યવસ્થા એટલે વસ્તુની અવસ્થા. પદાર્થની અવસ્થા વિશેષ થવી તે જ વ્યવસ્થા. પદાર્થની સામન્યપણે રહીને વિશેષ અવસ્થા થવી તે તેની વ્યવસ્થા છે. તે વ્યવસ્થા તારે લઈને થાય એ મોટી ભ્રમણા છે. માટે, ભ્રમણાને છોડ! જે થવું હશે તે થશે. તું હળવો થઈ જા! ભવિતવ્યતા અનુસાર થઈ જશે.

માટે, તું પરનું ચિંતવન ન કર પણ, બાર પ્રકારના તપનું ચિંતવન કર! તપ એટલે સંયમનું ચિંતવન કર! અહો! ભગવાનઆત્મામાં ઠરવાની ભાવના કર! એ તારાં પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે. એ પ્રાપ્ત ન થાય એમ નથી. તેનાથી જ તું મોક્ષ પામીશ.

આ મોક્ષ તીર્થંકર પરમ દેવાધિદેવ મહાપુરુષોથી આશ્રિત છે. માટે, સૌથી ઉત્કૃષ્ટ છે. મોક્ષ એવી મહાચીજ છે કે તીર્થંકરો તેનો આશ્રય કરે છે. ચૌદ બ્રહ્માંડને જે એક સમયમાં જાણે છે, અવધિજ્ઞાની ઈન્દ્રો પણ જેને પૂજે છે એવા ભગવાન પણ મોક્ષનો આશ્રય કરે છે. જેના ચરણ સો ઈન્દ્રો આવીને પૂજે છે એવા ભગવાન પણ મોક્ષનો આશ્રય કરે છે. માટે, મોક્ષ બધાથી ઉત્કૃષ્ટ છે. મોક્ષ સમાન કોઈ અન્ય પદાર્થ જગતમાં ઉત્કૃષ્ટ નથી. મોક્ષનો જે પરમ આદર કરે તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જઈ તેમાં એકાગ્ર થવાની જ ભાવના હોય. બીજા વિકલ્પ આવે પણ, તેની ભાવના ન હોય. બહારમાં ક્યાંયથી લાભ થશે એવી દૃષ્ટિ ન હોય, તેથી વિકલ્પ અધ્ધરથી આવીને ઊડી જાય છે અને અજ્ઞાનીની દૃષ્ટિ ત્યાં જ ચોંટી જાય છે. આમ કરીશ તો આમ થશે, તેનાથી મને પણ અનુકૂળ થશે. એમ ગોટા ઊઠાવે છે. માટે, આવી દૃષ્ટિ છોડ અને આત્માના જ્ઞાનસ્વરૂપનું ચિંતવન કર!

*(ક્રમશઃ)*

* અરે! અશુદ્ધ પરિણતિની વાત તો ક્યાંય રહી, પણ અહીં તો એમ કહે છે કે ચોથા ગુણસ્થાનથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધીની જે નિર્મળ દશા છે તે પણ જીવને નથી, જીવમાં નથી, પણ તેઓ પુદ્ગલદ્રવ્યના પરિણામમય છે. આચાર્યદેવે ગજબ વાત કરી છે ને! ત્રિકાળી શુદ્ધ નિર્વિકલ્પ પરમ તત્ત્વની દૃષ્ટિ પૂર્વક જે અયોગી કેવળીનું ગુણસ્થાન પર્યાયમાં પ્રગટ થયું તે પણ પુદ્ગલના પરિણામમય કહ્યાં છે! કેમ કે આ સઘળાય ગુણસ્થાનો જીવની પર્યાયસ્થિતિને જણાવે છે, ત્રિકાળી વસ્તુસ્વભાવને બતાવનારા તેઓ નથી. તેમના લક્ષે તો વિકલ્પ ઊઠે છે, તેમના લક્ષે વસ્તુસ્વભાવનું લક્ષ ચૂકી જવાય છે. માટે તેઓ જીવના નથી. વળી વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરતાં જે આત્માનુભવ થાય છે તેમાં પરિપૂર્ણ ત્રિકાળી શુદ્ધ પરમ તત્ત્વ તે જ હું છું એમ પર્યાયમાં અનુભવ થાય છે, પરંતુ નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ તે હું છું એવો અનુભવ થતો નથી; એ રીતે ચૌદ ગુણસ્થાન પર્યંતની સઘળીય અવસ્થાઓ–ભેદો સ્વાત્માનુભૂતિથી ભિન્ન રહી જતાં હોવાથી, સ્વભાવમાં તેનો અભાવ હોવાથી તથા તેના લક્ષે વિકલ્પ ઊઠતો હોવાથી તે સઘળાય જીવના નથી, પરંતુ પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહ્યાં છે.

–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી



શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ પ્રેરિત
શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવકમંડળ આયોજિત

# વચનામૃત વર્ષ



સૌજન્ય : શ્રીમતી લાભુબેન ચીમનલાલ મોદી પરિવાર હ. હિનાબેન-વિજયભાઈ તથા પારસ

## પ્રશ્નપત્ર ક્રમાંક—૩ (કુલ માર્કસ-૫૦)

(અભ્યાસક્રમ : (૧) ગુરુદેવશ્રીના વચનામૃત ક્રમાંક ૫૧ થી ૭૫,
(૨) બહેનશ્રીના વચનામૃત ક્રમાંક ૭૩ થી ૧૦૫)

---

પરીક્ષાર્થીનું નામ : .................................... ગામનું નામ : ......................

મંડળનું નામ : ............................................. ઉંમર : ......................

ફોન નં.: ................................................... તા. -૦૩-૨૦૧૧

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
**(૨) પ્રશ્નોના ઉત્તર વચનામૃતના આધારે આપવા જરૂરી છે.**

---

**પ્રશ્ન : ૧ (અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર ૧૫ થી ૨૦ લીટીમાં મૌલિક નિબંધ તમારા શબ્દોમાં લખો.** (૬)

(૧) શું પુરુષાર્થ એની મેળે જાગશે? / જીવો કઈ રીતે પુરુષાર્થ ઉડાડે છે?
(૨) લાખો જીવોની હિંસાના પાપ કરતાં મિથ્યાત્વનું પાપ અનંતગણું છે.
(૩) પરિણામ (પર્યાય) પરિણામી(દ્રવ્ય)થી ભિન્ન નથી.

**(બ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર ૧૫ થી ૨૦ લીટીમાં મૌલિક નિબંધ તમારા શબ્દોમાં લખો.** (૬)

(૧) આ તો પંખીના મેળા જેવું છે
(૨) જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી
(૩) મુનિરાજની સ્વરૂપ રમણતા

**પ્રશ્ન : ૨ (અ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર વચનામૃતના આધારે તમારા મૌલિક શબ્દોમાં લખો. (પાંચથી દસ લીટી)** (૩)

(૧) પૂજ્ય ગુરુદેવશ્રી ઉપર કુંદકુંદાચાર્યદેવનો ઉપકાર દર્શાવો
(૨) હાથીના દાંત દેખાડવાના અને ચાવવાના જુદા હોય છે આ દૃષ્ટાંતનો સિદ્ધાંત શું છે?
(૩) મુનિદશામાં વસ્ત્ર હોય તો વાંધો શો છે?

**(બ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર વચનામૃતના આધારે તમારા મૌલિક શબ્દોમાં લખો. (પાંચથી દસ લીટી)** (૩)

(૧) મેં જેવા ભાવ કર્યા હતા શું તેવું જ આ ચિતરામણ છે?
(૨) અજ્ઞાનીને આત્મામાં જાણે વિકાર પેસી ગયા હોય તેમ શા માટે લાગે છે.
(૩) પરપદાર્થને જાણતાં જ્ઞાનમાં ઉપાધિ આવી જતી નથી?

**પ્રશ્ન : ૩ (અ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** **(૬)**

(૧) "જૈનદર્શનમાં માત્ર બાહ્ય ક્રિયાનું જ પ્રતિપાદન નથી" તો શાનું પ્રતિપાદન છે?
(૨) આત્માની ક્ષણિક વિકારી અવસ્થાનો શામાં પ્રવેશ નથી?
(૩) જેને પુણ્યની રુચિ છે તેને શાની રુચિ છે? શાની રુચિ નથી?
(૪) સ્ત્રી-પુત્ર-પરિવાર એ સંસાર નથી તો સંસાર શું છે?
(૫) જ્ઞાની-અજ્ઞાનીના વચનો ઉપર ટપકે સરખા લાગે પણ તેમાં શું અંતર છે?
(૬) પર્યાયનો આશ્રય કરવાનો નથી એટલે તેનું જ્ઞાન પણ ન કરે તો શું થાય?

**(બ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** **(૬)**

(૧) મુક્તિ જેના હાથમાં આવી ગઈ છે તેવા મુનિરાજોને પ્રત્યાખ્યાન શાનાથી થાય છે?
(૨) પોતાના કેવા સ્વરૂપને જાણે તો કાર્ય થાય?
(૩) આત્માનો આશ્રય કરવાથી શું પ્રગટે છે
(૪) સમ્યક્‌દર્શન પ્રગટાવવામાં દેવ-ગુરુની શું ભૂમિકા છે? દેવ-ગુરુ શું કરતા નથી?
(૫) જે જીવોને આત્માની રુચિ હોય તે શું કરે?
(૬) રોગમૂર્તિ શરીરના રોગો કેવા છે? શું તે આત્મામય છે?

**પ્રશ્ન : ૪ (અ) નીચેના દરેક પ્રશ્નના માત્ર એક શબ્દમાં ઉત્તર આપો.** **(૬)**

૧. આત્માની વિકારી અવસ્થાનો શામાં પ્રવેશ નથી?
૨. વિભાવથી છુટી સ્વભાવમાં આવવાથી શાની વૃદ્ધિ થશે?
૩. આત્મા-નિર્મળતાના ભંડારને ઓળખવાથી શું પ્રગટશે?
૪. મુનિરાજનું ભાવલિંગ શું છે?
૫. જ્ઞાન અને રાગને કઈ રીતે સર્વથા જુદા જાણવા?
૬. શુભ અને અશુભભાવો ક્યા તત્ત્વમાં સમાવેશ પામે છે?

**(બ) દરેક પ્રશ્નના ઉત્તર માત્ર એક વાક્યમાં આપો.** **(૪)**

(૧) જેણે ચૈતન્યધામને ઓળખી લીધું તેમને શું ગમતું નથી?
(૨) અનંતકાળથી જીવને કઈ વાત રુચિ નથી?
(૩) રાગ-દ્વેષથી પાર આત્માનુભૂતિસ્વરૂપ શુદ્ધ માર્ગને કોણ ઓળખી શકે છે?
(૪) વિકરાળ વાઘની માફક કાળ ઝાપટું મારતા આવે છે ત્યારે પોતાને શું લાગવું જોઈએ.

**(ક) ખાલી જગ્યા પૂરો.** **(૪)**

(૧) હું તો ઉદાસીન જ્ઞાતા છું એવી જ........................... શાંતિ છે

(૨) સમ્યક્‌દષ્ટિને એવો................................ હોય છે.
જેથી તેને......................... શંકા થતી નથી.

(૩) મુનિરાજ કહે છે અમે તો ......................... ઝુલનારા છીએ.

(૪) હે ભવ્ય તું.......................... અમૃતનું પાન કર!

વિદ્યાર્થીઓ માટે સોનગઢમાં ગ્રીષ્મકાલીન

## * ધાર્મિક શિક્ષણવર્ગ *

ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ ઉનાળુ વેકેશન દરમ્યાન તા. ૧-૫-૨૦૧૧ રવિવારથી થી તા. ૨૦-૫-૨૦૧૧ શુક્રવાર સુધી સોનગઢમાં રાખવામાં આવેલ છે. આ વીસ દિવસીય શિક્ષણવર્ગમાં ઉત્તમ તેમજ મધ્યમ એમ બે કક્ષા રાખવામાં આવશે.

મુમુક્ષુમંડળનાં બાળકો તેમજ યુવાનોને અધ્યાત્મપ્રધાન ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત થાય તે હેતુથી આપના મુમુક્ષુમંડળના બાળકો તેમજ યુવાનોને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા સર્વ મુમુક્ષુ મંડળોને અનુરોધ છે.

સૂચના— (૧) વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.
(૨) વિદ્યાર્થીઓ પોતાના આગમનની આગોતરી સુચના ટપાલ દ્વારા મોકલાવે.

*પ્રબંધક– શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ*
*સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

## ફોર્મ નં. ૪, નિયમ નં. ૮

| | |
|---|---|
| સમાચાર પત્રનું નામ | : આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : દરેક માસની પંદરમી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : હસમુખભાઈ પોપટલાલ વોરા, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| પ્રકાશન સ્થાન | : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ ભાવનગર |
| માલિક | : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : અનંતરાય વ્રજલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું હસમુખભાઈ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખભાઈ પોપટલાલ વોરા
અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

તા. ૧-૩-૨૦૧૧

# સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી ૮-૪૫ | : | જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પ્રવચનસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી સમયસાર નાટક ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

## * માનસ્તંભ-પ્રતિષ્ઠા દિન *

તા. ૧૩-૪-૨૦૧૧, બુધવારના રોજ સુવર્ણપુરીના શ્રી સીમંધર માનસ્તંભનો ૫૯મો વાર્ષિક પ્રતિષ્ઠાદિવસ પૂજા-ભક્તિના વિશેષ આયોજન પૂર્વક ઉજવવામાં આવશે.

## * મહાવીર જયંતી કહાનગુરુ સંપ્રદાય પરિવર્તન દિવસ *

તા. ૧૬-૪-૨૦૧૧, ચૈત્રસુદ ૧૩, શનિવારના રોજ ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણકનો તેમજ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સદ્ધર્મપ્રકાશનના હેતુરૂપ સંપ્રદાય-પરિવર્તનનો ૭૭મો વાર્ષિક દિવસ, તા. ૧૫-૪-૨૦૧૧ શુક્રવાર તથા તા. ૧૬-૪-૨૦૧૧ શનિવાર એમ દ્વિ-દિવસીય મહોત્સવરૂપે સ્વ. કાંતાબેન હિંમતલાલ ડેલીવાળા પરિવાર હસ્તે વર્ષાબેન નિરંજનભાઈ ડેલીવાળા, પરિવાર સુરેન્દ્રનગરના સૌજન્યથી પૂજન-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

**M.O.N.A.** (મુમુક્ષુ ઓફ નોર્થ અમેરિકા) દ્વારા "પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકાર સપ્તાહ"નું આયોજન આંતરરાષ્ટ્રીય ટોલિફોમ કોન્ફરન્સના માધ્યમથી ૩૦ એપ્રિલ થી ૭ મે ૨૦૧૧ સુધી કરવામાં આવ્યું છે. આ માટે વિગતવાર જાણ માટે અમારા નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી.

સંપર્ક : **webmaster@jainism.us Telephone : 1–800–JAIN–USA**

શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળ-મુંબઈ

ઉપકૃત-હૃદયભીની ગુરુભક્તિસહ અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ઊજવે છે

પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૨મો

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૨૨મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ (સુવર્ણપુરી)માં શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળ દ્વારા અતિ આનંદોલ્લાસ-પૂર્વક ઉજવવામાં આવશે.

તદ્‌નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૨૨મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૧-૫-૨૦૧૧ રવિવારથી તા. ૫-૫-૨૦૧૧ ગુરુવાર—પાંચ દિવસ સુધી 'શ્રી સુવર્ણપુરી તીર્થ પૂજન-વિધાન,' પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક સી.ડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોનાં શાસ્ત્ર પ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિ૦ જૈન ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા માટે અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

[આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં સમ્યક્ત્વ જયંતી પ્રસંગે તા. ૨૭-૩-૨૦૧૧ રવિવારના રોજ રાખવામાં આવેલ છે.]

*નિમંત્રક*

ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળના

જય-જિનેન્દ્ર

આત્મધર્મ
માર્ચ,-૨૦૧૧
અંક-૭ * વર્ષ-૫

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## * એકવાર તો તારા આત્માની સામે જો! *

બાપુ! તારે જગતથી-સંસારથી છૂટવું છે ને?—તો વસ્તુસ્થિતિની મર્યાદાનો સ્વીકાર કર્યા વિના બીજો કોઈ ઉપાય નથી. દુનિયા ભલે પાગલ માને, 'લોક મૂકે પોક,' તારે દુનિયાનું શું કામ છે? દુનિયા દુનિયાનું જાણે, તું તારા આત્માનું હિત થાય તેમ કરી લે ને! આ તો આત્મહિત કરી લેવાની મોસમ પાકી છે. આવા ટાણાં ચૂકયે ફરી હાથ નહીં આવે. ભાઈ! બહારનું બધું તો એક-બે-ચાર નહીં પણ અનંત-અનંતવાર કરી ચૂક્યો છો, તેમાં શું નવું છે?—ને કોઈ શું માનશે કે શું કહેશે એનું તારે શું કામ છે? બીજાને રાજી રાખવામાં કે રાજી કરવામાં તારો આત્મા દાઝી રહ્યો છે પણ એની તેં કદી દરકાર ક્યાં કરી છે?—હવે તો જાગ! ભેદજ્ઞાનનો માર્ગ આચાર્યદેવે તારી સામે ખૂલ્લો કર્યો છે. અરે! તેં ભોગવેલાં દુઃખોનું પૂરું વર્ણન ભગવાનની વાણીથી પણ થઈ શકતું નથી એટલા તો તેં દુઃખ ભોગવ્યા છે, હવે એકવાર તો તારા આત્માની સામે જો! હવે તો પરથી ખસ, સ્વમાં વશ—આટલું બસ.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**

